ટેન્ડર ફી રૂા. ૫૦૦/–

પ્રતિ,

વર્ષ ૨૦૨૧/૨૨ દરમ્યાન <u>સોલર વોટર મોટર પંપ</u> અંગેનું ભાવ પત્રક

કોરા ટેન્ડર ફોર્મ લેવાની છેલ્લી તારીખ :– ૧૯/૦૫/૨૦૨૧ (સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ સુધી)

ટેન્ડર ફોર્મ ભરીને પરત કરવાની છેલ્લી તારીખ :– ૨૦/૦૫/૨૦૨૧ (બપોરે ૦૪:૦૦ કલાક સુધી)

(ફકત <u>રૂબરૂ તથા રજીસ્ટર પોસ્ટ</u> એ.ડી. થી મોકલવા)

ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ :– ટેલિફોનીક જાણ કરવામાં આવશે.

વહેપારીનું નામ :–

વહેપારીનું પુરેપુરૂ સરનામુ :–

જી.એસ.ટી. નંબર :–

પાન નંબર :–

ટેલિફોન નંબર :– ઘર / દુકાન ફોન નંબર _____ મો. નં. _____

સ્થળ :–

તારીખ :–

વહેપારી / એજન્સીનાં સહી / સિક્કા

ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી,ગાંધીનગર.
શ્રી શાંતિલાલ સંઘવી ફાઉન્ડેશન, સંચાલિત
એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ,
મુ.પો. ખોડદા, તા.નિઝર, જિ.તાપી, પિન. ૩૯૪૩૭૦
ઓફિસ મોબાઈલ નંબર : ૮૯૮૦૧૫૬૬૩૫, E-mail : emrs.khodada@yahoo.in Web :- www.ernrskhodada.org

શાળા કેમ્પસ આવેલ કાર્યરત 3 HP સોલર વોટર મોટર પંપ ને 5 HP નાં સેટઅપમાં અપગ્રેટ કરવાનું ટેન્ડર ભાવપત્રક

સોલર પંમ્પીંગ સોલ્યુશનની વિગત					
ક્રમ	વસ્તુનું નામ	બનાવટ	સંખ્યા	દર (પ્રતિ નંગ)	કુલ રકમ
1	પોલિક્રિસ્ટિલાઇન સોલર પેનલ 2400 Watt, (પ્રતી સોલર પેનલ 100 Watt) (52V – 53V)	વારી સોલર, વિક્રમ સોલર, અગ્રવાલ સોલર અથવા અન્ય બ્રાન્ડ	1		
2	GI સ્ટ્રક્ચર, (હોટ ડીપ) 80 માઇક્રોન કોટિંગ સાથે બ્રેસીંગ (ગેલ્વેનાઇઝ એંટી રસ્ટ પ્રુફ બોડી)	(ગુણવત્તા યુકત) (Indian Make)	સંપુર્ણ સેટ		
3	IP 54 એન્ક્લોઝર DCDB Box (2 in 1 Out)	એન્ક્લોઝર બોક્ષ, (ફી બોક્ષ અથવા અન્ય બ્રાન્ડ) એમ.સી.બી. (સીમેન્સ, એલ.ટી., હેવેલ્સ અથવા અન્ય બ્રાંડેડ	1 યુનિટ		
	કુલ (૩/)				
	GST @ 5%				
	કુલ (૩/) (એ)				
4	ઇન્સ્ટોલેશન એન્ડ કમિશન				
5	પરિવહન ચાર્જ				
	કુલ (૩)				
	GST@ 18%				
	કુલ (૩.) બી				
	કુલ (૩.)				

ઉપરોકત તમામ બાબતોના ભાવ મારા હસ્તાક્ષરે ભરેલ જેની ખાતરી આપુ છું.

તા. / /૨૦૨૧
સ્થળ :–

કોન્ટ્રકટર
સંસ્થાના અધિકૃત વ્યકિતનો
સહિ / સિક્કા

ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી,ગાંધીનગર.
શ્રી શાંતિલાલ સંઘવી ફાઉન્ડેશન, સંચાલિત
એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ,
મુ.પો. ખોડદા, તા.નિઝર, જિ.તાપી, પિન. ૩૯૪૩૭૦
ટેલીફોન/ફેકસ નંબર : ૮૯૮૦૧૫૬૬૩૫, E-mail : emrs.khodada@yahoo.in Web :- www.emrskhodada.org

ટેન્ડરની શરતો

૧) ટેન્ડર ફોર્મ સીલ બંધ કવરમાં રજીસ્ટર ટપાલ તથા રૂબરૂ વિદ્યાલય કાર્યલયમાંથી પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ ૧૯/૦૫/૨૦૨૧ નાં બપોરે ૦૧:૦૦ કલાક સુધી અને ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૨૦/૦૫/૨૦૨૧ નાં બપોરે ૦૪:૦૦ કલાક સુધી (રજા નાં દિવસો સિવાય) જમા કરવાનાં રહેશે. ત્યાર બાદ ટેન્ડર ફોર્મ સ્વિકારવામાં આવશે નહિ.

૨) ટેન્ડર ફોર્મ મુદત પૂર્ણ થયા પછી કોઈ પણ સંજોગોમાં સ્વિકારવામાં આવશે નહી.

૩) તમામ ભાવો ટેક્ષ, જી.એસ.ટી. સાથેનાં તેમજ વર્ક ઓર્ડરમાં દર્શાવેલ યાદી મુજબ પહોંચાડવા સુધીનાં ભાવો ભરવાનાં રહેશે.

૪) ટેન્ડરનાં ભાવ જયા MRP દર્શાવેલ હશે ત્યા MRP કરતા ઓછા, શકય હોય ત્યાં સુધી હોલસેલ ભાવ ભરવા અનિવાર્ય રહેશે. તેમજ MRP વાળી વસ્તુમાં પણ જી.એસ.ટી. સાથેનાં જ ભાવ આપવાના રહેશે.

૫) ટેન્ડર/ઓર્ડરમાં જણાવેલ સ્પેસીફીકેશન તેમજ મંજુર કરેલ નમુનાઓ ઓર્ડર આપ્યાથી તેમાં જણાવ્યા મુજબનાં સમયગાળામાં પહોંચતા કરવાના રહેશે.

૬) ટેન્ડરમાં દર્શાવેલી શરતો પ્રમાણે તેમજ તેજ વસ્તુઓનાં ભાવો દર્શાવવા. જેમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવો નહી. તેમજ ભરેલ ટેન્ડરમાં રકમ કે વિગતમાં કોઈ પણ પ્રકારની છેક–છાક સ્વિકાર્ય રહેશે નહી. અનિવાર્ય સંજોગોમાં થયેલ છેક–છાક વખતે ઈજારાદારની સહી અનિવાર્ય છે. તેમજ ટેન્ડરમાં દર્શાવેલી શરતોનાં સ્વીકાર માટે વહેપારીએ ભાવપત્રકમાં સહી કરવી જરૂરી છે. તેમજ ટેન્ડર કોપી સહિત દરેક ડોકયુમેન્ટની નકલનાં દરેક પાના ઉપર પોતાના સ્વહસ્તાક્ષર કરવાનાં રહેશે.

૭) ટેન્ડરમાં દર્શાવેલા ભાવ તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી માન્ય ગણાશે. પાર્ટીએ તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી ટેન્ડરમાં દર્શાવેલા ભાવે સામાન પુરો પાડવાનો રહેશે. તેમજ પાછળથી ભાવમાં કોઈ પણ પ્રકારનાં સુધારા વહેપારી તરફથી માન્ય રાખવામાં આવશે નહિ. જો સામાનની સાથે કોઈ ભેટ આપવામાં આવેતો એ ભેટનો ઉલ્લેખ વાઉચર કે બિલમાં કરવાનો રહેશે. તેમજ ટેન્ડર મંજુર થયા પછી શાળાની જરૂરીયાત મુજરની વસ્તુઓ નિર્ધારીત ૧૦ દિવસનાં સમય મર્યાદામાં શાળા ખાતે સ્વખર્ચે/સ્વજોખમે મોકલવાની રહેશે.

૮) ટેન્ડરમાં દર્શાવેલ આઈટમનાં નમુનાઓ અથવા બ્રોશર (સદર નિયમ લાગતા–વળગતા વહેપારીઓને લાગુ) ફરજીયાત પણે મૂકવાના રહેશે. અન્યથા ટેન્ડર રદબાતલ કરવામાં આવશે કોઈ વાદ વિવાદ સાંભળવામાં આવશે નહી.

૯) ઓછા ભાવનું અથવા વધારે ભાવનું ટેન્ડર મંજુર કે નામંજુર કરવું તે અંગેની તમામ સત્તા ખરીદ સમિતિ/સંચાલક મંડળને અબાધિત રહેશે. તેમજ મંજુર કરવું કે નામંજુર અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

૧૦) સદર પસંદગી પામેલ ઈજારાદારે પસંદગી પામ્યા પછી ઈજારાદારે વસ્તુ પુરી પાડવાનાં સમય મર્યાદા સુધી અંદાજીત કુલ રકમનાં ૫ % લેખે સિકયુરીટી ડિપોઝીટ તરીકે DD દ્વારા જમા કરવાનો રહેશે.

૧૧) ટેન્ડર ભર્યા બાદ સંજોગાવશાત નિર્ણય લેવામાં મોડું થાય અથવા ભાવોમાં વધ ઘટ થાય તો પણ ટેન્ડરમાં જણાવેલ ભાવો મુજબ માલ પુરા પાડવા ઈજારદારને બંધનકર્તા રહેશે.

૧૨) માત્ર અસાધારણ સંજોગોમાં જ મુદતમાં વધારો ઘટાડો કરવાની સત્તા ખરીદ કમિટીને અબાધિત રહેશે.

૧૩) મંજુર કરેલ ટેન્ડર પ્રમાણે ઓર્ડર આપ્યા પછી નિયત મુદતમાં સ્પેસીફીકેશન મુજબ આઈટમ પુરી પાડવામાં ઈજારદાર કસુર કરશે તો તે આઈટમ ખુલ્લા માર્કેટમાંથી ખરીદવામાં આવશે અને તેના કારણે જે કાંઈ વધુ ખર્ચ થાય તે અંગેનાં ખર્ચની તમામ જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે તેમજ તે રકમ સંબધિત ટેન્ડર૨ પાસેથી સિકયુરીટી ડિપોઝીટમાંથી વસુલ કરવામા આવશે અને તે ઈજારદાર પાસે જરૂરી પગલા લેવામાં આવશે. તેમજ શાળા તરફથી બ્લેક લીસ્ટમાં મુકી દેવામાં આવશે.'

૧૪) ઈજારદારે કામગીરી પૂર્ણ કર્યાથી સીકયોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૧૫) અત્રે ખાસ નોંધનીય છે કે ઓછા ભાવ ભરી વર્ક ઓર્ડર મેળવવાની પદ્ધતિને બદલે સારી ગુણવત્તાવાળા અને વધુ સારી સુવિધા ધરાવતા માલને આદર્શ નમુના તરીકે પસંદગી કરવાનો ખરીદ સમિતિને અબાધિત અધિકાર રહેશે.

૧૬) ભાવો મંજુર થયા પહેલાં / બાદ મતભેદ – વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં ખરીદ સમિતીનો નિર્ણય આખરી ગણાશે જે સંબધિતોને બંધનકર્તા રહેશે.

૧૭) ટેન્ડરની / ઓર્ડરની કોઈ પણ શરતોનો ભંગ થાય તો ઈજારદાર સાથેનો કરાર કોઈ પણ નોટીસ/કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા ખરીદ સમિતીની રહેશે.

૧૮) આગાઉનાં વર્ષોમાં જે ઈજારદારો/ઉત્પાદકો કાળી યાદીમાં મુકાયલ હોય અથવા તો જાહેર ટેન્ડરો ભરેલ હોય અને તેમને વર્ક ઓર્ડર આપવા છતા માલ/સામાન પુરો પાડેલ ન હોય અને વર્ક ઓર્ડર રદ્દ કરવામાં આવેલ હોય તો તેવી સંસ્થાનું ટેન્ડર રદ્દ ગણવામાં આવશે અને પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહી.

૧૯) ઉપરોકત તમામ વસ્તુઓ સંચાલક મંડળ પોતાની સુવિધા તેમજ વસ્તુઓની ગુણવત્તા, વોરન્ટી, સેલ્સ સર્વિસ, સાધનોનાં બળતણની ક્ષમતા તેમજ સ્થળ ઉપર પહોંચાડવાનાં ભાવ સાથેની રહેશે. સદર વસ્તુઓની સંખ્યામાં વધારો કે ઘટાડો તથા છેલ્લી ઘડીએ ન મંગાવવાનો સંપૂર્ણ અધિકાર શાળા સંચાલક મંડળ પાસે રહેશે. તેમજ જરૂર જણાયે એ ભરેલા ભાવ અંગે ઈજારાદારશ્રીને નેગોસિયેશન માટે બોલાવવામાં આવશે. તેમ કરવામાં વાંધો કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૦) ટેન્ડરની સમયા વિધી દરમિયાન ભાવમાં કોઈ પણ પ્રકારનો વેચાણવેરામાં થયેલા સુધારા સિવાય સ્વિકારવામાં આવશે નહિ અને શાળા ખરીદ સમિટીનો નિર્ણય અંતિમ હશે.

૨૧) સદરહું પસંદગી પામેલા ટેન્ડરર એ એમના દ્વારા પુરી પાડવામાં આવનાર વસ્તુઓનું વજન, ગુણવત્તા, માપ શાળા દ્વારા આપવામાં આવેલ આયોજન મુજબ જ પુરુ પાડવાનું રહેશે.

૨૨) સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થાઓ કે જેમને EMD તથા ટેન્ડર ફી માંથી મુકતી આપવામાં આવેલ હોય તેમને ગુજરાત સરકારનાં ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આપેલ મુકતી અંગેનો પ્રમાણપત્ર રજુ કરવાનો રહેશે.

૨૩) સદર ટેન્ડરમાં ઈજારદાર એ **ટેકનીકલ બીડ અને ફાઈનાન્શીયલ બીડનાં પરબીડિયા અલગ–અલગ** રજુ કરવાનાં રહેશે તેમજ બન્ને પરબીડિયા પર ટેન્ડર **મોકલનારે ચીજ વસ્તુનું નામ, વહેપારીનું નામ અને સરનામુ સિક્કા સાથે લાલ શાહીથી કવરનાં ઉપર** અવશ્ય લખવાનું રહેશે. સદર કવર જાહેરાત પ્રસિદ્ધ થવાના દિન થી નિર્ધારીત કરેલ તારીખ સુધી જમા કરવાના રહેશે. એ પછી મળેલ કવર ગ્રાહ્ય ગણવામાં આવશે નહી. સદર ટેન્ડર પ્રક્રિયામાં ટેકનીકલ બીડનાં કવર ખોલ્યા પછી સંતોષકારક લાંગતા ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવશે. સદર ટેકનીકલ બીડમાં નીચે મુજબનાં પત્રકો મુકવાના રહેશે.

૧ જી.એસ.ટી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્રનાં નંબરની નકલ.

૨) છેલ્લા ત્રણ વર્ષનું ઈન્કમટેકસ નકલ.

૩) પાન કાર્ડની નકલ

૪) નગરપાલીકા કે મ્યુનિસીપાલટીનું પ્રમાણપત્ર

૫) અનુભવનું પ્રમાણપત્ર

૬) જો ઈજારાદાર માન્ય વિતરક હશે તો સબંધિત કંપની તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર. (જો હોય તો)

ઉપરોકત સદર **નમૂનાઓ ટેકનીકલ બીડનાં કવરમાં** મુકવાના રહેશે.

૨૪) સદર વહેપારીનું ચુકવણું સરકારશ્રી તરફથી નિર્ધારીત વિવિધ કર, TDS/GST નું કપાત કર્યા પછી જ ચુકવવામાં આવશે. તેમજ ટેન્ડરને આકસ્મિક સંજોગોમાં વડી કચેરી, ગાંધીનગર ભવિષ્યમાં થનાર સુધારા–વધારા ટેન્ડરરને માન્ય રહેશે અને ટેન્ડર સબંધિત કોઈ પણ પ્રકારની કાનૂનિ પ્રક્રિયા માટે ન્યાય ક્ષેત્ર તાલુકા ન્યાયલય નિઝરમાં રહેશે.

૨૫) સદર વસ્તુની બનાવટ બ્રાન્ડેડ કંપનીનું આપવાનો રહેશે. આમ, સદર વસ્તુઓની કુલ રકમમાંથી ૧૦% રકમ વપરાશ કરતાને સંતોષકારક લાગે ત્યાં સુધી ૬ મહિનાનાં સમય મર્યાદા સુધી જમા રાખશે. જયારે બાકીની રકમ નિયમોનુસાર કાર્ય પૂર્ણ કર્યા પછી ચુકવવામાં આવશે.

૨૬) ટેન્ડર આચાર્યશ્રી એકલવ્ય મોડેલ રેસી. સ્કૂલ, ખોડદાનાં કાર્યાલયમાં ખોલવામાં આવશે. જેની જાણ ટેલિફોનીક રીતે કરવામાં આવશે.

ઉપરોકત તમામ ૧ થી ૨૬ ની શરતો મારા દ્વારા પૂર્ણ પણે વાંચી છે. જે કબુલ/મંજુર છે અને તેનું સંપૂર્ણ પાલન કરવાની હું બાંહેધરી આપુ છું શરતોનાં ભંગ બદલ સક્ષમ સત્તાઅધિકારીશ્રી તરફથી જે નિર્ણય લેવામાં આવે તે આખરી ગણાશે અને તે મને સંપુર્ણ બંધનકર્તા રહેશે.

સ્થળ :–

તા. / /૨૦૨૧

સંસ્થાના અધિકૃત વ્યકિતનાં

સહિ / સિક્કા